જન્મદિને વધામણી

હૃષિકેશ ભટ્ટ
પ્રમુખ, આર્ટ લવર્સ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
(૨૯-૮-૧૯૭૦)
મો. ૯૮૨૫૨ ૮૫૮૦૦

બાબુલાલ જે. સુથાર
નિવૃત્ત કર્મચારી અગ્રણી
(૨૯-૯-૧૯૫૮)
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯

કનૈયાલાલ માખીજાની
પત્રકાર, ગુજરાત સમાચાર
(૨૯-૯-૧૯૫૮)
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯

ભદ્રશિલાબેન ત્રિવેદી
પત્રકાર, ગુજરાત સમાચાર
(૨૯-૮-૧૯૫૫)
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯

સેક્ટર-૬ બી ખાતે કાર્યરત સરસ્વતી વિદ્યાલય દ્વારા રક્ષાબંધનની ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં બાલમંદિરથી ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધા હવે ૭મી સપ્ટેમ્બરે યોજાશે

અગાઉ સ્પર્ધા ૩૧ ઑગષ્ટે યોજાવાનું નિયત હતું

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા આગામી તા. ૭ સપ્ટેમ્બરના રોજ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ આ સ્પર્ધા તા. ૩૧ ઑગષ્ટના રોજ યોજવાનું નિયત થયું હતું, પરંતુ શાળાઓમાં તાજેતરમાં બંધ રહેલા શૈક્ષણિક કાર્યને કારણે ઘણી શાળાઓ આ સ્પર્ધા માટે નાટકની છેવટની તૈયારીઓથી વંચિત રહી ગઈ હતી. અને અનેક શાળાઓ દ્વારા એવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી કે સ્પર્ધા માટેની તારીખ લંબાવવામાં આવે તો સારું, જેનાથી પોતાનું પરફોર્મન્સ સારું થઈ શકે.

આ લાગણીને માનઆપતાં જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજતી સંસ્થા નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા સ્પર્ધાની તારીખ બદલીને ૭ સપ્ટેમ્બર કરી દેવામાં આવી છે.

નિસર્ગના મૅનેજિંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલે આ અંગેના એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, અનેક સ્કૂલ્સ દ્વારા અમને તારીખમાં બદલાવ કરવા વિનંતી કરવામાં આવી હતી, જે બાબતે ગુજકોસ્ટની સંમતિ લેવામાં આવી છે અને આ તારીખ આખરે બદલી નાખવામાં આવી છે. હવે જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા ૭મી સપ્ટેમ્બરે યોજવામાં આવશે.

વધુમાં વધુ શાળાઓ, બાળકો આ સ્પર્ધામાં ભાગ લે એવો આ સ્પર્ધાનો હેતુ છે અને એ હેતુ બર આવે તે કારણસર આ ફેરફાર કરવામાં આવ્યો છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સ્કૂલ ઑફ ઍંચીવર ખાતે રક્ષાબંધનની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવી હતી. ગુજરાતી અને ઇંગ્લિશ મીડિયમના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સ્કૂલના સેન્ટ્રલ કૉર્ટ યાર્ડમાં દબદબાભેર આ પર્વ ઉજવી તેના મર્મને ઉંચાઈ બક્ષી હતી. તમામ વિદ્યાર્થીઓ સ્કૂલ યુનિફૉર્મમાં સજ્જ હતા, જેના કારણે રક્ષાબંધનની ઝાંખી અભૂતપૂર્વ અને આહ્‌લાદક લાગતી હતી. રક્ષાબંધન બાદ રક્ષા બનાવટ (રાખી મેકીંગ) સ્પર્ધા પણ યોજવામાં આવી હતી, જે કારણે સમગ્રદિવસ રાખડીના રંગે રંગાયેલો રહ્યો હતો. મૅનેજિંગ ટ્રસ્ટી, પ્રિન્સિપાલ, શિક્ષકો, સ્ટાફ સહિત સ્કૂલ પરિવારના તમામ સભ્યો આ પર્વમાં ભાગીદાર રહ્યા હતા.

આરાધના વિદ્યાવિહારમાં રક્ષાબંધન ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૮માં કાર્યરત આરાધના વિદ્યાવિહાર ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી આનંદ, ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી.

શાળાના માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગ, ગુજરાતી - અંગ્રેજી મીડિયમના વિદ્યાર્થીઓ અને બીએડ કૉલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ પર્વની ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રક્ષાબંધન ઉપરાંત વિદ્યાર્થીઓએ પર્વને અનુરૂપ વક્તવ્યો અને ગીતો પણ રજૂ કર્યા હતાં. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય તથા મૅનેજિંગ ટ્રસ્ટી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવવામાં આવ્યા હતા.

ગાયત્રી શક્તિપીઠ ખાતે ૧થી ૧૦ દરમ્યાન નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર

ગાંધીનગર, તા. ૨૮

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧ થી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન શ્રી ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર-૧ ખાતે સવારે ૭થી ૮.૧૫ કલાક દરમ્યાન નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચાર તથા બિમારીઓ રોકવા માટેનાં આસનો, શારીરિક-માનસિક આરોગ્ય વગેરે બાબતોનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

બીકૉમ સેમ-૧નાં ઍનરોલમેન્ટ ફોર્મ બીજીથી ભરાશે

ગાંધીનગર, તા. ૨૮

સરકારી વાણિજ્ય કૉલેજ, સેક્ટર-૧૫ ખાતે બીકૉમ સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના ઍનરોલમેન્ટ ફોર્મ આગામી તા. ૨ થી ૪ અને ૭થી ૮ સપ્ટેમ્બરના દિવસો દરમ્યાન ભરવામાં આવશે. જે વિદ્યાર્થીઓનાં ઍનરોલમેન્ટ ફૉર્મ નહીં ભરવામાં આવે તેમનો પ્રવેશ રદ ગણાવામાં આવશે, એમ કૉલેજના આચાર્ય દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

ભારત વિકાસ પરિષદ દ્વારા તાજેતરમાં આયોજિત સમૂહગાન સ્પર્ધાના ખુલ્લા વિભાગમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા વિદ્યાલય, સેક્ટર-૨ ઉની ટીમ વિજેતા બની હતી. સ્કૂલની વિદ્યાર્થીનીઓ પ્રિયંકા પરમાર, ધરાંગી પરમાર, ક્રિષ્ના પટેલ, ક્રિષ્ના વાઢેર, રોઝમેરી ડામોર, મયુરિકા શ્રીમાળી, દિપાલી નાયી અને ધ્રુવી પાથર આ વિજેતા ટીમની સદસ્ય હતી, જેમને શાળાના માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેશભાઈએ કાર્યક્રમના કન્વીનર તરીકે કામગીરી બજાવી હતી અને શાળા વતી નારણભાઈ બારોટે વિદ્યાર્થીનીઓને ગીત તૈયાર કરાવ્યું હતું.

માણેકબા વિદ્યાવિહાર દ્વારા ત્રિવિધ પર્વોની ઉજવણી

ઝવેરચંદ મેઘાણી જન્મદિન, રક્ષાબંધન તથા જન્માષ્ટમીની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

અડાલજ ખાતે કાર્યરત માણેકબા પીટીસી કૉલેજ ખાતે પ્રશિક્ષણાર્થીઓને વિવિધ ઉત્સવોની ઉજવણી કરવાની પ્રત્યક્ષ તાલીમ મળે તે હેતુથી ત્રિવિધ પર્વોની ઉજવણી આજે કરવામાં આવી હતી.

સંસ્થામાં સૌપ્રથમ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી, જે અંતર્ગત સંસ્થાનાં અધ્યાપિકા અયનાબેન પટેલે મેઘાણી રચિત સૌરાષ્ટ્રની રસધારમાંથી 'સુહિણી-મેહાર' અને 'આહિર-આહિરાણી કોલ' વાર્તાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. અધ્યાપિકા જાગૃતિબેને 'મેઘાણી સાહિત્ય : એક પરિચય' વિષયે સુંદર વક્તવ્ય આપ્યું હતું. સંસ્થાનાં આચાર્યા સુરેખાબેન ચૌધરીએ મેઘાણીના પદ્યસાહિત્ય પૈકી શૌર્ય ગીતોની ઝલક આપી 'કસુંબીનો રંગ' ગીત ગાયું હતું. પ્રશિક્ષાર્થીઓ દ્વારા પણ મેઘાણી અંગે વક્તવ્યો આપમાં આવ્યાં હતાં.

આજનો યુવા વર્ગ દેશની વિરાસત એવા કવિઓને યાદ કરે અને લેખન-વાચન તરફ પ્રેરાય તે હેતુથી 'મેઘાણી સાહિત્યનાં પુસ્તકો'નું પ્રદર્શન પણ સંસ્થામાં ગોઠવાયું હતું.

આ ઉપરાંત સંસ્થામાં સુંદર નૃત્યની પ્રસ્તુતિ સાથે રક્ષાબંધન તથા જન્માષ્ટમી પર્વની ઉજવણી પણ કરવામાં આવી હતી. આ વખતે આયોજિત મટકી ફોડ કાર્યક્રમ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

લેકાવાડા ખાતે કાર્યરત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કેજીથી ધોરણ-૪માં અભ્યાસ કરતાં બાળકો માટે એક દિવસીય પ્રથમ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૨૮ના બાલોદ્યાનની મુલાકાત લઈ બાળકોએ ટ્રેન, ઝુલા, રાઈડ્‌સની મજા માણી હતી. ઉલ્લેખનીય છે કે પ્રવાસ દરમ્યાન પોતે કરેલા નાસ્તાનો કચરો જાતે જ સાફ કરીને જાગૃત નાગરિક બનવાની દિશામાં આ ભૂલકાઓએ પ્રથમ પગરણ માંડ્યું હતું.

રક્ષાબંધન એ માત્ર ભાઈ-બહેનનો તહેવાર નથી પરંતુ તે માનવતાનું પર્વ છે, ભાઈચારાનું પર્વ છે

ભાઈ-બહેનના સ્નેહના પવિત્ર તહેવાર તરીકે આપણે આજે જેની ઉજવણી કરીએ છીએ અને ન માત્ર ભારતમાં પરંતુ નેપાળ અને મૉરેશિયસમાં પણ જે પર્વ પરંપરાગત રીતે ઉલ્લાસપૂર્વક ઉજવાય છે એ રક્ષાબંધનની શરૂઆત પતિને પત્ની દ્વારા રાખડી બાંધવાથી થઈ હતી.

જી હા, ધાર્મિક માન્યતા અનુસાર સૌથી પહેલી રાખડી ઈન્દ્રાણીએ ઈન્દ્રને બાંધી હતી.

રાજા ઈન્દ્ર ઉપર દાનવોએ હૂમલો કર્યો હતો અને આ યુદ્ધમાં ઈન્દ્રની શક્તિ નબળી થવા લાગી હતી. ત્યારે એમની પત્ની ઈન્દ્રાણી (શશિકલા)એ ઈશ્વર સમક્ષ તપસ્યા ને પ્રાર્થના કરી, એનાથી પ્રસન્ન થઈ ઈશ્વરે ઈન્દ્રાણીને એક 'રક્ષાસૂત્ર' આપ્યું. આ રક્ષાસૂત્ર ઈન્દ્રાણીએ ઇન્દ્રના જમણા હાથે કાંડા પર બાંધ્યું અને એ પછી ઈન્દ્રની ન માત્ર રક્ષા થઈ, પરંતુ યુદ્ધમાં જીત પણ થઈ.

ઈન્દ્રાણીએ જે દિવસે ઈન્દ્રનાં કાંડા ઉપર રક્ષાસૂત્ર બાંધ્યું હતું એ દિવસ હતો શ્રાવણ માસની પૂનમનો. ત્યારથી શ્રાવણી પૂનમે રાખડી બાંધવાનો શિરસ્તો માનવોએ અપનાવી લીધો હોવાની માન્યતા આપણે ત્યાં છે.

રાખડીની આવી જ એક માન્યતા ભગવાન વિષ્ણુ અને બલિ રાજા સાથે પણ સંકળાયેલી છે. બલિ રાજાએ દેવો પર હૂમલો કરીને જીત મેળવી લીધી હતી અને ગભરાયેલા દેવો ભગવાન વિષ્ણુ સમક્ષ પહોંચ્યા હતા. વિષ્ણુએ ચતુરાઈપૂર્વક વામન સ્વરૂપ ધારણ કરીને બ્રાહ્મણનો વેશ ધર્યો હતો અને બલિ રાજા પાસે દાનમાં ત્રણ પગલાં ધરતી માગી હતી. પહેલાં બે પગલાંમાં ભગવાને સમગ્ર આકાશ અને ધરતી લઈ લીધાં. 'હવે ત્રીજું પગલું ક્યાં મૂકવું ?' એવો સવાલ ભગવાન બલિ રાજાને કરે છે. બલિ રાજા આદરપૂર્વક ધરતી પર બેસી પોતાના માથે ત્રીજું પગલું મૂકવા ભગવાનને કહે છે. ભગવાન એના માથે પોતાનો પગ મૂકી બલિરાજાને પાતાળમાં ધકેલી દે છે.

પાતાળમાં ધકેલાયેલો બલિરાજા એ પછી ભગવાન વિષ્ણુની જ આરાધના કરે છે અને એમને પ્રસન્ન કરીને એમની પાસેથી એ વરદાન મેળવે છે કે વિષ્ણુ હંમેશા તેની સામે જ રહેશે. પરંતુ એમ કરતાં લક્ષ્મીને વિષ્ણુનો વિરહ સહન કરવાનો વારો આવે છે. અકળાયેલી લક્ષ્મી નારદજીને આ સમસ્યાનું સમાધાન પૂછે છે. ત્યારે નારદજી સૂઝાડે છે કે 'તમે બલિ રાજાને ભાઈ બનાવીને એને રાખડી બાંધી દો.' લક્ષ્મીજી એ પ્રમાણે કરે છે અને પોતાના હાથે રાખડી બાંધનારી બહેનનું દુખ દૂર કરવા બલિ રાજા વિષ્ણુને એમનાં વરદાનથી મુક્ત કરે છે ને લક્ષ્મી વિષ્ણુને લઈને પુનઃ પોતાની સાથે સ્વર્ગલોક લઈ જાય છે.

યોગાનુયોગ લક્ષ્મીએ બલિ રાજાને રક્ષાસૂત્ર બાંધ્યું એ દિવસ પણ શ્રાવણ માસની પુનમનો હતો. આ કારણે પણ આ દિવસે રક્ષાબંધન ઉજવાતી હોવાની માન્યતા આપણે ત્યાં છે.

અને આજે પણ દરેક ધાર્મિક અનુષ્ઠાન વખતે બ્રાહ્મણ દ્વારા યજમાનોના હાથે રક્ષાસૂત્ર બાંધવામાં આવે છે. એ સમયે બ્રાહ્મણો દ્વારા શ્લોકનું ઉચ્ચારણ કરવામાં આવે છે :

યેન બદ્ધો બલિઃ રાજા દાનવેન્દ્રો મહાબલઃ। તેન ત્વમાનભિબધ્નામિ રક્ષે મા ચલ મા ચલ॥

અર્થ છે : જે રક્ષાસૂત્રથી મહાન શક્તિશાળી રાજા બલિને બાંધવામાં આવ્યો હતો, એ જ સૂત્રથી હું આપને બાંધી રહ્યો છું. આપ આપના વચનથી કદાપિ વિચલિત ન થાજો.

બ્રાહ્મણો દ્વારા રાજાઓ અને જમીનદારો, પ્રતિષ્ઠિત નાગરોને તેમની રક્ષા કાજે રક્ષાસૂત્ર બાંધવામાં આવતું હોવાનો ઉલ્લેખ આપણે ત્યાં રાજાશાહીમાં જોવા મળે છે.

ઉપરાંત રક્ષાબંધનનો ઉલ્લેખ મહાભારતમાં છે એ આપણે જાણીએ છીએ, કુંતા દ્વારા અભિમન્યુને રાખડી બાંધવામાં આવી હતી. એ ઉપરાંત શ્રીકૃષ્ણના કહેવાથી પાંડવો તેમજ તેમની સેનાના સૈનિકોને પણ રાખડીઓ બાંધવામાં આવી હતી, જેના કારણે કૌરવો સામેના યુદ્ધમાં તેમની જીત થઈ હતી. શ્રીકૃષ્ણએ પોતાની તર્જની પર દ્રૌપદીએ બાંધેલા ચીરને બદલે અણીના વખતે દ્રૌપદીના શીલની રક્ષા કરી હતી એ વાત પણ જાણીતી છે. રાણી કર્મવતીએ હુમાયુને રાખડી મોકલાવી હતી અને હુમાયુએ પોતાનું ભાઈપણું નિભાવ્યું હતું એ પણ આપણે જાણીએ છીએ.

ભાઈચારાથી વખણાતા આપણા દેશમાં રક્ષાબંધનનું સ્વરૂપ અનોખું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પુરૂષ સભ્યો ભાઈચારો વ્યક્ત કરવા એકબીજાને ભગવા રંગની રાખડી બાંધે છે, તો રાજસ્થાનમાં નણંદ પોતાની ભાભીને એક વિશેષ પ્રકારની રાખડી બાંધે છે, જેને લુમ્બી કહેવાય છે. અહીં કેટલાક વિસ્તારોમાં બહેન-બહેનને પણ રાખડી બાંધીને એની સુરક્ષાની કામના વ્યક્ત કરે છે. મહારાષ્ટ્રમાં આ તહેવાર નાળિયેરી પુનમ કે શ્રાવણીના નામે ઓળખાય છે. તમિલનાડુ, ઓરિસ્સા, કેરલ અને મહારાષ્ટ્રના દક્ષીણ ભારતીય બ્રાહ્મણો આ તહેવારને અવની અવિત્તમ કહે છે અને દેશના અનેક પ્રાંતોમાં આ દિવસે બ્રાહ્મણો દ્વારા નદીકિનારે જઈ પૂજનપૂર્વક નવી જનોઈ ધારણ કરવાની પ્રથા પણ અસ્તિત્વમાં છે. આ દિવસે દરિયા સાથે જોડાયેલા માછીમારો, વેપારીઓ, ખારવાઓ તથા લોહાણા પરિવારો પોતાના દરિયાદેવને વાજતેગાજતે પૂજનસહ એક નાળિયેર અર્પણ કરે છે.

રવિન્દ્રનાથ ટાગોરે તો રક્ષાબંધનના તહેવારને એક નવો જ દૃષ્ટિકોણ આપતાં કહેલું કે 'રક્ષાબંધન એ માત્ર ભાઈ-બહેનનો તહેવાર નથી, પરંતુ તે માનવતાનું પર્વ છે, ભાઈચારાનું પર્વ છે, જ્યાં જાતિય ભેદભાવ ભૂલીને દરેક વ્યક્તિ પરસ્પર એકબીજાનું રક્ષણ કરવાનું વચન આપે છે, જ્યાં ભારતમાતાના પુત્રો પરસ્પર ભેદભાવ ભૂલીને ભારતમાતાના ઉત્થાન માટે પ્રયાસ કરે છે.'

બહેન ભાઈને રાખડી બાંધે કે ભાઈ બહેનને કે ભાઈ ભાઈને બાંધે કે બહેન બહેનને - ટાગોરની આ ભાવના મનમાં રાખીશું તો રક્ષાબંધનની ઉજવણી શ્રેષ્ઠ રીતે થશે એવું નથી લાગતું ?

ભગવદ્‌ગોમંડલ અનુસાર 'રાખડી' શબ્દના અર્થ

૧. કોઈ જાતનું વિઘ્ન નડે નહિ અને રક્ષણ મળે તે માટે બળેવને દિવસે બાંધવામાં આવતો મંતરેલો દોરો; રક્ષા; અનિષ્ટથી બચવા બળેવને દિવસે કાંડા પર બાંધવામાં આવતો મંતરેલો દોરો
૨. ગર્ભનું રક્ષણ થાય તે માટે પહેલીવાર ભારેવાઈ થયેલી સ્ત્રીને પાંચમા મહિને બાંધવામાં આવતું મંતરેલું સૂત્ર. ગર્ભિણીને પાંચમે કે સાતમે મહિને નણંદ આ દોરો બાંધે છે. સીમંત વખતે રૂપાની રાખડી બાંધવાનો પણ રિવાજ છે.
૩. ભૂતપ્રેત અને અભિચારાદિકથી રક્ષણ થવા માટે મંતરેલી અંગ ઉપર બાંધી રાખવાની દોરી કે પટી; મંતરેલું રક્ષાસૂત્ર
૪. માથાનું ઘરેણું; વેણી

રાષ્ટ્રીય ખેલ દિવસ મેજર ધ્યાનચંદની યાદ

રાષ્ટ્રીય ખેલ દિવસ એટલે ૨૯ ઓગસ્ટ. આ દિવસ એટલે આપણા ખેલરત્નોને યાદ કરવાનો દિવસ, તેમને સન્માનવાનો દિવસ... નવી પેઢીને ભારતના ખેલજગતથી વાકેફ કરવાનો દિવસ... વિશ્વના ખેલજગત પર ભારતના ખેલાડીઓએ જે છાપ ઊભી કરી છે તેને યાદ કરવાનો દિવસ.. પણ આપને ખબર છે કે આ દિવસ જ કેમ રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે જવાય છે ?



આ દિવસ એટલે ભારતીય હોકીના યુગપુરુષ મેજર ધ્યાનચંદનો જન્મદિવસ. રમતગમતની દુનિયામાં ભારતનું નામ રોશન કરવામાં મેજર ધ્યાનચંદનો સિંહફાળો રહેલો જોવા મળે છે. આ સદીના પૂર્વાધમાં વિશ્વકક્ષાએ રમતગમત ક્ષેત્રે ભારતની ઓળખ માત્ર હોકી દ્વારા જ હતી અને આ હોકીને સાતમા આસમાન સુધી લઈ જવાનું માન અને ગૌરવ દંતકથા સમા જાદુગર મેજર ધ્યાનચંદ ધરાવે છે.

૧૯૩૬માં બર્લિન ખાતે જ્યારે ઓલિમ્પિક રમતોત્સવ યોજાયો હતો ત્યારે ભારતીય ટીમના કેપ્ટન ધ્યાનચંદે સર્વશ્રેષ્ઠ દેખાવ કરી ફાઈનલમાં જર્મનીની ટીમને ૧૪મી ઓગસ્ટના રોજ ૮૧ થી ધૂળ ચાટતી કરી દીધી હતી અને ભારતે ભવ્ય વિજય સાથે ઓલિમ્પિક ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભારતે કુલ ૩૮ ગોલ કર્યા હતા. જેમાં ૧૧ ગોલ તો ધ્યાનચંદના એકલાના હતા. ધ્યાનચંદની જાદુઈ રમત જોઈ જર્મનીના ચાન્સેલર હિટલરે ખુશ થઈને તેમને કહ્યું હતું કે તમે જર્મની આવી જાવ. હું તમને એક સામાન્ય સિપાહીમાંથી ફિલ્ડમાર્શલ બનાવી દઈશ! પણ દેશભક્ત સ્વમાની ધ્યાનચંદે તરત જ જણાવી દીધું કે ભલે હું અદનો સિપાહી હોઉં પણ મારા દેશનો, મારા વતનનો હું સિપાહી છું તેનું મને ગૌરવ છે. મારો દેશ એ મારા માટે સર્વસ્વ છે. આ હતી તેમની દેશભક્તિ. તેમના જન્મદિવસને ભારતનો રાષ્ટ્રીય ખેલ દિવસ જાહેર કરવામાં આવ્યો છે. આ જ દિવસે રમતમાં ઉત્કૃષ્ટ -દર્શન માટે રાષ્ટ્રીય પુરસ્કાર અર્જુન અને દ્રોણાચાર્ય એવોર્ડ આપવામાં આવે છે. ધ્યાનચંદે ભારતીય હોકી ટીમનો હિસ્સો રહેતા ઓલિમ્પિકમાં ત્રણ સુવર્ણચંદ્રક જીત્યા. તેઓ ૧૯૨૮માં એમ્સ્ટર્ડમ, ૧૯૩૨માં લોસ એન્જલસ અને ૧૯૩૬ બર્લિન ઓલિમ્પિકમાં સુવર્ણચંદ્રક જીતનારી ટીમનો હિસ્સો હતા. ક્રિકેટમાં જે સ્થાન ડોન બ્રેડમેન, ફૂટબોલમાં પેલે અને ટેનિસમાં રોડ લેવરનું છે. હોકીમાં તે જ સ્થાન મેજર ધ્યાનચંદનું છે.